# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

## હેરિટેજ વિભાગ

## માહિતી અધિકાર અધિનિયમ - ૨૦૦૫

## અંતર્ગત કલમ ૪ (૧) બી (૧) મુજબ

## ખાતાનુ  પ્રો - એક્ટિવ ડીસ્કલોઝર

# <u>ઓર્ગેનાઈઝેશન ચાર્ટ</u>



# વિભાગની કચેરી તથા અધિકારીની માહિતી

**કચેરીનું સ્થળ :-** સંસ્કાર કેન્દ્ર, પાલડી.
અમદાવાદ. -૩૮૦૦૦૭

**હેરિટેજ વોક ઓફીસઃ**- સ્વામિનારાયણ મંદિર
કાળુપુર, અમદાવાદ.૩૮૦૦૦૧

| અનુ નં. | નામ | હોદો | પગાર /ગ્રેડ |
|---|---|---|---|
| ૧ | શ્રી હિતેશ કોન્ટ્રાકટર. | એડીશનલ સીટી ઈજનેર | ૧૫૬૦૦-૩૯૧૦૦ |
| ૨ | શ્રી વી.વી. બારોટ | એડીશનલ સીટી ઈજનેર | ૧૫૬૦૦-૩૯૧૦૦ |
| ૩ | શ્રી રાહુલભાઇ શાહ | આસી.મેનેજર | ૯૩૦૦-૩૪૮૦૦ |
| ૪ | શ્રી પી.ડી. પટેલ | આસી.સીટી એન્જી. | ૯૩૦૦-૩૪૮૦૦ |
| ૫ | શ્રી વાસુદેવન નાયર | હેરિટેજ આર્કિટેક્ટ એડવાઇઝર | |
| ૬ | શ્રી દેબાશીષ નાયક | એડવાઇઝર, હેરિટેજ પ્રોગ્રામ | |
| ૭ | શ્રી ડી.કે. બુમતારિયા | જુની. ડ્રાફ્ટસમેન | ૫૨૦૦-૨૦૨૦૦ |
| ૮ | શ્રી રમેશભાઇ જી. ઠાકોર | પટાવાળા | ૪૪૪૦-૭૪૪૦ |
| | | | |
| | | | |

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હેરિટેજ વિભાગ દ્વારા શહેરના ભવ્ય વારસાની જાળવણી અને નાગરિકોમાં તેનું ગૌરવ જાગૃત કરવાની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે.હેરિટેજ સેલ દ્વારા શહેરની મુલાકાતે આવતા પ્રવાસી અને નગરજનોને અમદાવાદ શહેરના સ્થાપત્ય,કલા, ધાર્મિક સ્થળો, પોળો તેમજ સંસ્કૃતિ અને પરંપરાઓનો પરિચય કરાવવાના ઉદ્દેશ્યથી  હેરિટેજ વોક ઓફ અમદાવાદ  અમદાવાદની અસ્મિતા યાત્રાનું આયોજન કર્યુ છે.આ હેરિટેજ વોક દરરોજ સવારે ૮-૦૦ વાગે સ્વામિનારાયણ મંદિર , કાલુપુરથી શરૂ થઇ ૧૦-૩૦ વાગે માણેકચોક,જુમ્મા મસ્જિદ પુરી થાય છે.જેમાં પ્રવાસીઓને ગાઇડ દ્વારા માર્ગદર્શન આપવામાં આવે છે.

હેરિટેજ વિભાગ દ્વારા અમદાવાદ શહેરના જે અગ્રણીઓએ સ્વાતંત્ર્ય જંગમાં વિશિષ્ટ સેવા પ્રદાન કર્યુ તેમના વિશે નવી પેઢી અને અન્ય પ્રવાસીઓને માહિતગાર કરવા માટે ક્રાંતિની ઘટનાઓ અને તેની સાથે સંકળાયેલા વિરલ પુરૂષો વિશે સંશોધન અને માહિતી સંપાદનનું કામ હાથ ધરી તેની ફલશ્રુતિરૂપે  અમદાવાદની ક્રાંતિયાત્રા - સ્વાતંત્ર્ય સંગ્રામના સંસ્મરણ પુસ્તક પ્રકાશિત કરવામાં આવ્યું છે તથા અમદાવાદની ક્રાંતિયાત્રાનું આયોજન હેરીટેજ વિભાગના સંકલન દ્વારા કરવામાં આવે છે.

આ ઉપરાંત  હેરીટેજ વિભાગ દ્વારા કોટ વિસ્તારમાં પ્રાચીન કલાકૃતિ અને કોતરણીવાળા હેરીટેજ મુલ્ય ધરાવતા મકાનો,ધાર્મિક સ્થળો વિગેરે રીપેરીગ કરાવવા માટે  ટેકનીકલ માર્ગદર્શન પુરું પાડવામાં આવે છે.